# SHRI K.K. SHASTRI GOVERNMENT COMMERCE COLLEGE

Shri K.K. Shastri Educational Campus, Khokhra Road,
Maninagar (East), Ahmedabad-380008

NAAC Accredited 2.49 CGPA : UGC Recognized 2(f) & 12(B): Affiliated with Gujarat University


NO:SKKSGCC/NOTICE/2026/13 JANUARY 24, 2026

## "SWAYAM CERTIFICATE શિષ્યવૃત્તિ યોજના" બાબત

SWAYAM (Study Webs of Active-Learning for Young Aspiring Minds) એ ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ એક કાર્યક્રમ છે અને શિક્ષણ નીતિના ત્રણ મુખ્ય સિદ્ધાંતો જેમ કે એક્સેસ, ઈક્વિટી અને ગુણવત્તા પ્રાપ્ત કરવા માટે રચાયેલ છે. આ પ્રયાસોનો ઉદ્દેશ્ય સૌથી વધુ વંચિતો સહિત, સર્વશ્રેષ્ઠ શિક્ષણ સંસાધનોને બધા સુધી પહોંચાડવાનો છે. SWAYAM પ્લેટફોર્મ દ્વારા વર્ગ ૯ થી પોસ્ટ-ગ્રેજ્યુએશન સુધીના વર્ગખંડોમાં ભણાવવામાં આવતા તમામ અભ્યાસક્રમોના હોસ્ટિંગની સુવિધા આપે છે, જે કોઈપણ દ્વારા કોઈપણ સમયે, ગમે ત્યાં એક્સેસ કરી શકાય છે.

રાજ્યની ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણ હેઠળની સંસ્થાઓ ખાતે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ભારત સરકારના **SWAYAM-NPTEL** કાર્યક્રમ હેઠળ ચાલતા પ્રોગ્રામો કરવા માટે પ્રેરાય અને વિદ્યાર્થીઓ **SWAYAM-NPTEL**ના માધ્યમ થકી વિવિધ સર્ટિફિકેટ પ્રોગ્રામ પાસ કરે તે માટે પોર્ટલ પરથી ફ્રી લર્નિંગ કોર્સ કર્યા બાદ કોર્સ સર્ટિફિકેટ મેળવવા પરીક્ષા ફી અન્વયે ૧૦૦% સહાય આપવા **STEM** અને બિઝનેસ એજ્યુકેશનના પ્રોત્સાહન માટે **"SWAYAM Certificate** શિષ્યવૃત્તિ યોજના" ની શરુઆત કરવામાં આવેલ છે.

SWAYAM Certificate શિષ્યવૃત્તિ આપવા માટે વિધાર્થીઓની પસંદગી અંગેના ધારા ધોરણો:

1) **SWAYAM Certificate** કોર્સની પસંદગી વખતે વર્તમાન સંજોગો, ભવિષ્યમાં આવનાર અત્યાધુનિક તકનીક અનુલક્ષીને તથા રોજગારમાં મદદરૂપ નીવડે તેવા કોર્સની વિધાર્થીઓએ પસંદગીને પ્રાધાન્ય આપવાનું રહેશે.
2) **SWAYAM Certificate** યોજના હેઠળ વિદ્યાર્થીઓએ કોર્સની દરખાસ્ત નિયત ફોર્મેટમાં ડૉ. મિલન ઉંડવીયા ને સબમીટ કરવાની રહેશે. આ દરખાસ્ત ની કોલેજ દ્વારા મંજૂરી આપવામાં આવે તેની વિદ્યાર્થીને લેખિતમાં જાણ કરવામાં આવશે. ત્યારબાદ વિદ્યાર્થીએ જાતે ફી ભરી આ કોર્સ પૂર્ણ કરી પરીક્ષા આપી પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. ત્યારબાદ આ ફી ભર્યા ની રસીદ અને આ કોર્સ પૂર્ણ કરી પરીક્ષા આપી અને પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર કોલેજ ખાતે નિયત નમૂનામાં રજૂ કરવાનું રહેશે. કોલેજ દ્વારા આ નિયત નમૂનાની દરખાસ્તને કેસીજી કચેરી ખાતે મોકલી આપવામાં આવશે. કેસીજી કચેરી ની કમિટી દ્વારા આ દરખાસ્ત ચકાસીને મંજૂર કરી ને ડાયરેક્ટ વિદ્યાર્થી નાં બેન્ક ખાતામાં માત્ર પરીક્ષા ફી અન્વયે ૧૦૦% સહાય જમા કરાવવામાં આવશે.
3) વિદ્યાર્થીઓએ SWAYAM Certificate કોર્સનો ક્રેડિટ સ્કોર એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC) પર જમા થશે.

4) કોલેજ દ્વારા KCG કચેરીની મંજૂરી બાદ સંબધિત વિદ્યાર્થીને લેખિતમાં જાણ કરેલ હશે તે જ વિદ્યાર્થી આ યોજના નો લાભ મેળવી શકશે અન્ય કોઈ વિદ્યાર્થી આ યોજના નો લાભ મેળવી શકશે નહીં. માત્ર પરીક્ષા ફી અન્વયે જો પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર નાં આધારે ૧૦૦% સહાય આપવામાં આવશે.
5) વિદ્યાર્થીઓએ તેમની દરખાસ્ત દર્શાવેલ સૂચિત સમય મર્યાદામાં અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે, જો વિદ્યાર્થીઓ તેને સૂચિત સમયરેખામાં પૂર્ણ કરવામાં સક્ષમ ન હોય તો કેસીજી અને કોલેજ દ્વારા કોઈપણ પ્રકારની ફી નું ચૂકવણું કરવામાં આવશે નહીં.
6) જો વિદ્યાર્થીઓ અભ્યાસક્રમો પૂર્ણ કરતા નથી અથવા KCG ને કોલેજ મારફત પ્રમાણપત્ર સબમિટ કરતા નથી, કેસીજી/ કોલેજ દ્વારા કોઈપણ પ્રકારની ફી નું ચૂકવણું કરવામાં આવશે નહીં.

જે વિદ્યાર્થીઓ ભાગ લેવા ઇચ્છતા હોય તે વિદ્યાર્થીઓએ ડૉ. મિલન ઉંડવીયાનો **સવારે 10:00 થી 10:15 દરમિયાન** સંપર્ક કરવાનો રહેશે.

ડૉ.યોગેશ યાદવ
આચાર્ય (GES-I)
શ્રી કે.કા.શાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજ,
મણિનગર(પૂર્વ), અમદાવાદ